ગાંધીનગર સમાચાર
તા. ૪-૧૧-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

અલકાયદાના બારણે ટકોરા

ભારત-પાકિસ્તાન વચ્ચેની સરહદ પર છેલ્લા ઘણા સમયથી ભારે તનાવપૂર્ણ સ્થિતિ પ્રવર્તી રહી છે. સવિશેષ જમ્મુ અને કાશ્મીર સરહદ પર બેઉ દેશોનાં સરહદ સલામતી દળો વચ્ચે જે પ્રકારની કડવાશ પ્રસરેલી છે તે સંજોગોમાં પંજાબની વાઘા બોર્ડર પર પાકિસ્તાનની હદમાં, ભારતીય સરહદથી માત્ર ૫૦૦ મીટર દૂર આત્મઘાતી બોમ્બર દ્વારા કરાયેલા વિસ્ફોટમાં ૫૫ જેટલા માણસોએ જાન ગુમાવ્યો છે અને અનેક જણ ઘાયલ થયેલ છે. મૃતકમાં પાક રેન્જરોનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાનનું શાસનતંત્ર વારંવાર પોતે જ આતંકવાદનો ભોગ બની રહ્યું હોવાની રજૂઆત કરીને ભારતમાં સરહદ પારથી ફેલાવાઇ રહેલા આતંકવાદ માટે પોતે જવાબદાર નહીં હોવાની દલીલ કરતું રહ્યું છે. વાઘા બોર્ડર પર આત્મઘાતી બોમ્બર દ્વારા કરાયેલા હિંસક કૃત્યને ભારતનાં વડાપ્રધાને કાયરતાપૂર્ણ કાર્ય ગણાવ્યું છે. હકીકતમાં અલકાયદા જેવી આતંકવાદી સંસ્થાઓ આવા કૃત્યને પરાક્રમભર્યું - બલિદાનનું કૃત્ય ગણાવી એમાં મરનારને 'શહીદ'નો દરજ્જો આપતી રહે છે. છેક વાઘા બોર્ડર પર ધ્વજવંદન પ્રસંગે પહોંચી જઇને વિસ્ફોટ કરનાર આત્મઘાતી બોમ્બર એના આ ત્રાસવાદી કૃત્ય મારફત એ સંદેશ આપવા માગતો હતો કે અલકાયદા જેવાં જેહાદી તત્ત્વોનો સરકારો જેર કરી શકશે નહીં. પાક આર્મી માટે પણ આ જેહાદી તત્ત્વોનો મોટો પડકાર છે. પાક આર્મી અને આઇએસઆઇ દ્વારા સતત પ્રોત્સાહિત કરાતાં રહેતાં અને પોષાતાં રહેતાં ત્રાસવાદી તત્ત્વો હવે એમને માટે જ માથાનો દુખાવો બની રહેલ છે. એક તરફ ઇસ્લામિક સ્ટેટના જાતે બની બેઠેલા ખલીફા અલ-બગદાદીના ત્રાસવાદીઓએ અમેરિકા અને યુરોપ સહિત વિશ્વની તમામ મહાસત્તાઓને પડકારી છે, બીજી તરફ ઓસામા-બિન-લાદેનના ખાત્મા પછી પણ અલ-જવાહિરીના નેતૃત્વ હેઠળ અલકાયદા અકબંધ અને અડીખમ હોવાના સંકેતો આપતું રહે છે. આ સંજોગોમાં ભારતની સલામતી સામે ભારે પડકારભરી પરિસ્થિતિ સરજાઇ રહી હોવાના આગોતરા સંકેત સમાન છે. ભારત અને પાકિસ્તાન અને ચીનના સરહદી પડકાર ઉપરંત સરહદ પારનાં ત્રાસવાદનો અને આંતરિક નકસલવાદનો મસમોટો પડકાર ઊભો થયો છે ત્યારે આપણી સરકાર અને સુરક્ષા દળો વેળાસર સાબદાં બને તે જરૂરી છે. ઇસ્લામિક આતંકવાદ સામે દુનિયાભરમાંથી અવાજ ઉઠ્યો છે, પરંતુ ભારત વર્ષોથી ઇસ્લામિક આતંકવાદનું સોફ્ટ ટાર્ગેટ બનતું રહ્યુ છે, એની કોઇએ ક્યારેય ગંભીરતાપૂર્વક નોંધ નથી લીધી, તે ખરેખર મોટી વિટંબના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઇસ્લામિક કટ્ટરજૂથોએ દાઢમાં ઘાલી રાખેલ હોઇ આવાં ત્રાસવાદી જૂથો ભારત સામે વધારે સક્રિય થશે, એ વિશે કોઇ શંકાને સ્થાન નથી. અલકાયદા છેક હિન્દુસ્તાનના બારણે ટકોરા મારી રહ્યું છે. ભારતે જાગતા રહેવું પડશે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા રવિવાર તા. ૨ નવેમ્બરે ટાઉનહોલ ગાંધીનગર ખાતે રાજેશ વૈષ્ણવ (સુરીલી સાંજ) ભાવનગર દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મનભાવન રાગ 'માલકૌંસ' અને સદાસુહાગન રાગ 'ભૈરવી' આધારીત હિન્દી ફિલ્મોના યાદગાર ગીતોની મહેફિલ 'આધા હે ચંદ્રમાં રાત આધી' શિર્ષક હેઠળ રાખવામાં આવી હતી. જૂના ફિલ્મી સંગીતના પ્રિય દર્શકોથી ખીચોકીચ ભરેલા ટાઉનહોલમાં એક પછી એક ગીત રજૂઆત બાદ ખૂબ જ દાદ મેળવનાર રાજેશ વૈષ્ણવ અને તેમના આખા વૃંદને અભિનંદન આપ્યા હતા. આ સુરીલી મહેફિલનું સંગીતસભર રસદર્શન ખ્યાતિ મહેતાએ કર્યું હતું. (કશ્યપ નીમાવત)

પૂર્વ કુલપતિએ ૧૫ કરોડથી પણ વધુનું કાંડ આચર્યું હતું

અમદાવાદ, તા.૦૩

ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌથી વધુ વિવાદાસ્પદ રહેલા ભૂતપૂર્વ કુલપતિ આદેશપાલે આચરેલા કૌભાંડની તપાસ કરી રહેલ કમિટીએ આજે પોતાનો રિપોર્ટ કુલપતિને સુપરત કરી દીધો છે. જેમાં પૂર્વ કુલપતિ આદેશપાલે રૂા. ૧૫ કરોડથી વધુની ગેરરિતી આચરી હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે. ખાસ કરીને આદેશપાલે બાંધકામ તેમજ સફાઈ કામ અંગેના કોન્ટ્રાક્ટોમાં મોટાપાયે ગેરરીતી આચરી હતી પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ આદેશપાલે ફાઈનાન્શિયલ એડવાઈઝરી કમિટી સિવાયના લીધેલા વિવિધ પ્રકારના નિર્ણયો કામોની તપાસ માટે નિમાયેલ કમિટીએ આજે બપોરે બે કલાકે પોતાનો રિપોર્ટ યુનિવર્સિટીનાં કુલપતિ એમએન પટેલને સુપરત કર્યો હતો. આ રિપોર્ટમાં આદેશપાલે વિવિધ નિર્ણય થકી રૂપિયા ૧૫ કરોડથી વધુનું કૌભાંડ આચર્યું હોવાનું દર્શાવવામાં આવ્યું છે. પ્રાથમિક તબક્કે આદેશપાલનું કૌભાંડ ત્રણ કરોડનું હોવાનું અનુમાન વ્યક્ત કરાવ્યું હતું. જો કે તપાસ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે. રિપોર્ટ મુજબ આદેશપાલે ખાસ કરીને બાંધકામ તેમજ સફાઈ કોન્ટ્રાક્ટમાં મોટાપાયે ગેરરીતી આચરી હોવાનું જણાવાયું છે. જેમાં ૪૨ લાખના ખર્ચે કુલપતિ નિવાસસ્થાને સ્વીમીંગ પુલના બાંધકામનો પણ સમાવેશ થાય છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આદેશપાલ પોતાના વિવિધ નિર્ણયોથી વિવાદનું કેન્દ્ર રહ્યા હતા. આદેશપાલે ફાઈનાન્સિયલ એડવાઈજરી કમિટી વિના કરેલા વિવિધ પ્રકારના કામો, નિર્ણયોમાં નિયત ધારા-ધોરણનોનું પાલન ન કર્યું હોવાની બાબતોની ચકાસી કરવા માટે ચાર સભ્યોની તપાસ સમિતીની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં કોમર્સ ફેકલ્ટીના ડીન એનડી શાહ સિન્ડીકેટ સભ્ય ગીરીશ ચૌધરી, પ્રોફેસર ગીતા શાહ અને નિશા શાહનો સમાવેશ થાય છે.

માણસા અન્નપૂર્ણા અન્નક્ષેત્ર માટે ભૂમિનું દાન

ગાંધીનગર, તા. ૩

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ.પૂ. જલારામ બાપાની ૨૧૫મી જન્મજયંતિ નિમિત્તે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ દિવસે માણસાના સપૂત અને વેપારી મહામંડળના પ્રમુખ બાબુભાઈ જેઠાભાઈ બ્રહ્મભટ્ટ પરિવાર તરફથી પ.પૂ. નારણદાદા જે. બ્રહ્મભટ્ટ મારૂતિ સેવા પરિવારની પ્રેરણાથી માણસા-મકાખાડ રોડ પર આવેલી રૂ. ૨૫ લાખ જમીનનું દાન જલારામ બાપાના અન્નપૂર્ણા પ્રસાદ અન્નક્ષેત્ર માટે શારદાબેન બાબુલાલ બ્રહ્મભટ્ટના નામે જાહેર કરવામાં આવ્યું હતું.

શ્રી વિઘ્નેશ્વરી પરિવારના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે આ દાનનો સ્વીકાર કરી માણસાના આ ભામાશાના પરિવારને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવી તેઓની આ ઉદ્દાત ભાવનાને બિરદાવી જણાવ્યું હતું કે, માણસાના ઈતિહાસમાં અને બ્રહ્મભટ્ટ સમાજ માટે આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. શ્રી બાબુભાઈ બ્રહ્મભટ્ટે પણ સંસ્થાએ આ સેવાયજ્ઞમાં આહુતિ આપવાની તક પુરી પાડી તે બદલ હૃદયપુર્વક આભાર માનીને આ સેવાકીય પ્રવૃત્તિની અખંડ જ્યોતને કાયમ માટે ચાલુ રાખવા તન, મન અને ધનથી તત્પર રહેવાની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે અમદાવાદના શ્રી રામ ફાઉન્ડેશનના ટ્રસ્ટઓ હેમંતભાઈ શાહ અને અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાની સામાજિક અને સેવાકિય પ્રવૃત્તિઓ જોઈને આનંદ વ્યક્ત કર્યો હતો. સંસ્થા દ્વારા માણસાને વીરપુર બનાવવાના સંકલ્પમાં સૌ કોઈ ભાવિક ભક્તોએ યથા યોગ્ય દાન જાહેર કરીને તેઓની ભાવના વ્યક્ત કરી હતી અને આજ દિવસથી સંસ્થામાં વિનામૂલ્યે ભોજનપ્રસાદ આપવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. અંતે આરતી અને પૂ. જલારામ બાપાનો ભોજન પ્રસાદ ભાવિકોએ લીધો હતો.

બોર્ડ-નિગમના કર્મચારીઓએ મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત

ગુજરાત રાજ્ય બોર્ડ-નિગમ, સરકારી સાહસોનું કર્મચારી મહામંડળ દ્વારા આજે રાજ્યના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. મંડળની ગત ૨૯મીના રોજ બેઠક મળી હતી. બેઠકમાં કર્મચારીઓના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને તે પ્રશ્નોને મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં પણ આવ્યા હતા. ત્યારે આજે શુભેચ્છા મુલાકાત દરમિયાન કર્મચારીઓના પ્રશ્નોને મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. જેનો સકારાત્મક પ્રતિભાવ મળ્યો હતો.

ચક્ષુદાન - શ્રેષ્ઠ દાન

દહેગામ તાલુકાના હાલીસા ગામે રહેતા લલ્લુભાઈ લાજીભાઈ દેસાઈ ઉ.વ. ૬૪નું અવસાન થતા તેમના પુત્ર વસંતભાઈ દેસાઈની સંમતિથી ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા દાન લેવામાં આવ્યું છે. આ પ્રસંગે ડૉ. ચિત્તાણિયા, છત્રસિંહ મકવાણા અને પ્રેરણા આપનાર ગાંડાભાઈ પ્રજાપતિ, કાન્તિલાલ પ્રજાપતિ, હિતેશભાઈ રાવળ ઉપસ્થિત રહ્યા હતાં.

સે-૨૧ જિલ્લા પુસ્તકાલય ખાતે કાવ્યસંગ્રહ 'સાગર'નું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ગાંધીનગર ખાતે તા. ૯-૧૧-૨૦૧૪ સાંજે ૫.૩૦ કલાકે કવયિત્રિ સ્વાતિ મહેતાના પ્રથમ કાવ્ય સંગ્રહ 'સાગર'નું લોકાર્પણ અને 'મારી સર્જન યાત્રા' વિષે જાણીતા કવિ-લેખક-પત્રકાર દિનેશ દેસાઈ વકતવ્ય રજૂ કરશે. કાર્યક્રમના અતિથિ વિશેષ પદે જાણીતા કવિ દલપત પઢિયાર ઉપસ્થિત રહેશે. જેમાં સાહિત્ય સભાના સૌ સભ્યો, ભાવકો અને સાહિત્યમાં રસ ધરાવનાર સૌને ઉપસ્થિત રહેવા સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આદરજ મોટી પ્રાથમિક કુમાર શાળામાં વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩

તાલુકાના આદરજ મોટી ગામમાં આવેલ કુમાર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા લીલાબેન પટેલનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર તાલુકાના આદજ મોટી ગામની પ્રાથમિક કુમાર શાળામાં વય નિવૃત્ત થતા લીલાબેન નારણભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો. લાભ પાંચમના શુભ દિવસે લીલાબેનને સન્માન સાથે વિદાય આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુભાઈ જોષીના હસ્તે પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. લીલાબેનની કાર્યશૈલીને બિરદાવી હતી. શાળામાં ૨૬ વર્ષ સુધી ફરજ બજાવનાર લીલાબેને શાળાને રમત-ગમત, પ્રવાસ-પર્યટન અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શિખર સુધી પહોંચાડી છે. સમારોહમાં મોટી સંખ્યામાં શિક્ષક સંઘના અગ્રણીઓ, કર્મચારીઓ, ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા પારુલબેન મોદીએ કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

બહેન, આ લોકો આપણી કાળાશ દૂર તો કરશે પણ... ફરીથી ફરતી પણ કરશે... !!

કરાઈ ખાતે ગોવા પોલીસના પી. એસ. આઈ.નો દિક્ષાંત સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક કરાઈ સ્થિત ગુજરાત પોલીસ અકાદમીમાં તાલીમ પ્રાપ્ત કરનાર ગોવા પોલીસના સબ ઈન્સ્પેકટરોનો દિક્ષાંત પરેડ સમારોહ આગામી ૭મી નવેમ્બર ૨૦૧૪ના રોજ પરેડ ગ્રાઉન્ડ કરાઈ ખાતે યોજાશે.

કરાઈ પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે ૮ કલાકે યોજાનાર દિક્ષાંત પરેડ સમારોહમાં મુખ્ય મહેમાન પદે રાજયના પોલીસ વડા પી.સી. ઠાકુર ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના પ્રારંભે મુખ્ય અતિથિનું આગમન પરેડ નિરીક્ષણ, આગમન નિશાન ટોળકી, શપથગ્રહણ, માર્ચપાસ્ટ, ડાયરેકટરનું વકતવ્ય, ઈનામ વિતરણ અને અંતે મુખ્ય અતિથિનું વકતવ્ય યોજાશે. સમારોહમાં ગુજરાત પોલીસ અકાદમી કરાઈના ડાયરેકટર ટી.એસ. બિસ્ટ અને જોઈન્ટ ડાયરેકટર અતુલ કરવાલ સહિત અનેક પોલીસ અધિકારી અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

સે. ૧૩માં ગુજરાત નાયી-વાળંદ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૩

પ્રેરણા પ્રગતિ મંડળ ગુજરાત નાયી-વાળંદ સમાજનો તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ અને અન્નકુટ મહોત્સવ યોજવામાં આવશે.

આગામી તા. ૬ નવેમ્બર, ગુરૂવાર બપોરે ૧.૩૦ કલાકે ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે વિવિધ કક્ષાએ સિદ્ધિ મેળવી છે. તેમને સન્માનિત કરવામાં આવશે. તેમનું સવારે ૧૧.૩૦ વાગે શ્રી લિમ્બચ માતાજીની અન્નકુટની આરતી, સાંજે ૬.૦૦ વાગે મહાઆરતી સેક્ટર-૧૩ લિમ્બચ માતાજી મંદિર પ્રેરણાધામ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજે સુરેન્દ્રનગર વણકર સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર, પેથાપુર અને વાવોલમાં વસતા 'સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ'ના પરિવારોનો 'સ્નેહ મિલન કાર્યક્રમ' આગામી તા. ૪-૧૧-૨૦૧૪ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ કલાકે સરકારી લગ્નવાડી સે-૭ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે જેથી ગાંધીનગર જિલ્લામાં વસતા 'સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ'ના સૌ પરિવારોને 'સ્નેહમિલન કાર્યક્રમમાં' સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

બાગાયત નિયામક કચેરીમાં બે કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે પ્રતિનિયુકિતના ધોરણે સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા કુ. સુરભિબેન ડી. વેદ (ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ) તથા જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા રમણલાલ વી. પટણી (ખેતીવાડી ખાતુ) તા. ૩૧-૧૦-૨૦૧૪ના રોજ વય નિવૃત્ત થતા કચેરી તરફથી તેમનો શાનદાર વિદાય સમારંભ યોજવામાં આવેલ હતો. નિવૃત્ત બંને કર્મચારીઓએ કચેરીના સ્ટાફ માટે ભોજન સમારંભ યોજયો હતો જયારે કચેરીના વડા નાયબ બાગાયત નિયામક જે.આર. પટેલે સમગ્ર બાયાગત પરિવાર વતી કુ. વેદ અને પટણીને શ્રીફળ, સાકરપડો, શુકનવંતો સવા રૂપિયો તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી શાલ ઓઢાડી બુકે આપી તેમનું નિવૃત્ત જીવન સુખમય, સમૃધ્ધિકારક અને શાંતિમય રીતે વિનાવિઘ્ને પસાર થાય તથા તેઓ દીર્ઘ આયુષ્ય ભોગવે અને સમાજોપયોગી કાર્યો કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. જાણીતા કલાકાર અને આ કચેરીના કર્મચારી સુરેશ રત્નોત્તર દ્વારા સંગીતમય લાગણીસભર શુભેચ્છાઓ પાઠવી હતી અન્ય સ્ટાફે પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. નિવૃત્ત થતા બંને કર્મચારીઓએ પણ તેમના પ્રતિભાવરૂપે કચેરી પ્રત્યે અહોભાવ પ્રગટ કરી સમગ્ર સ્ટાફ દ્વારા અપાયેલ સહકારને યાદ કરી કચેરીને જયારે પણ તેની સેવાની જરૂર પડે ત્યારે અચૂક આવી કચેરીને મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી અને કચેરીની ભાવસભર વિદાયને બિરદાવી હતી.

વિશ્વનું અતિપ્રસિદ્ધ પીસ પ્રાઇઝ મેળવનાર કૈલાસ સત્યાર્થી અને મલાલા યુસુફઝાઈએ પોતાના સઘન પ્રયત્નો દ્વારા બાળકોને નર્કમાંથી ઉગરવાનું અને કન્યાઓને શિક્ષણ અપાવવાનું તેમજ સમગ્ર વિશ્વને આ બાબતમાં જાગૃત કરવાનું કાર્ય કર્યું છે

ભારતીય ઉપખંડના બે વ્યક્તિઓને સુવિખ્યાત નોબેલ પીસ પ્રાઇઝ મળે તે આપણા સૌ માટે આનંદ અને ગૌરવની ઘટના છે. કોઇ પણ સ્થળે બેસીને એકનિષ્ઠાની અને લગનની કાર્ય કરવામાં આવે તો તેની નોંધ સમગ્ર વિશ્વને થાય છે તે વાતની ખરી પ્રતીતિ આ ઘટનાએ કારણે થઇ છે. જે બે અલગ-અલગ વિષયોમાં કૈલાસ સત્યાર્થી તથા મલાલા યુસુફઝાઇને કામ કરી બતાવ્યું છે તે નક્કર છે અને આજે પણ ખૂબ જ પ્રાસંગિક છે. આપણા દેશમાં અનેક બાબતો આર્થિક કારણોસર શાળાએ જઇ શકતા નથી. શાળાએ જવાને બદલે તેમને કુટુંબને આર્થિક મદદ કરવા માટે મજૂરી કરવી પડે છે. દેશના જુદાજુદા ભાગોમાં કેટલાક વ્યવસાયો આ હેતુ માટે જાણીતા પણ થયેલાં છે. હમણાં જ જાહેર થયેલા એક અહેવાલ (સેન્સસ ડેટા ૨૦૧૧) મુજબ ૧૦ થી ૧૯ વર્ષની વયના કિશોર બાળકોની સંખ્યા ૨૫ કરોડ તેમજ ૧૫થી ૨૯ વર્ષના યુવકો-યુવતીઓની સંખ્યા ૨૩ કરોડ છે. એટલે આમ જોવા જઇએ તો સરેરાશ યુવા વર્ગની સંખ્યા લગભગ ૩૬.૫ કરોડ જેટલી થાય, કે જે આપણા દેશની લગભગ ૩૦ ટકા જેટલી વસ્તી ગણાય. અત્યંત સંવેદનશીલ બાબત એ છે કે આશરે ૪ કરોડ કિશોર યુવક-યુવતીઓ કે જેઓ ૧૦ થી ૧૯ વર્ષની વયના છે તે વયના છે તે કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા માટે કામ કરતા હોય છે એટલે ઘણીવાર બાળ અવસ્થામાં શિક્ષણ મેળવી શકનાર બાળકો પણ આપણા નબળા અર્થતંત્રને કારણે વધુ શિક્ષણ મેળવી શકતા નથી તથા ફરિજીયાતપણે આર્થિક રીતે પગભર બનવા પ્રયત્નોમાં જોતરાઇ જાય છે. તેમની ઇચ્છા વધુ સારું શિક્ષણ મેળવી આગળ વધવાની હોય તો પણ તેઓ મજબૂરીને કારણે જુદા જુદા કામ કરવામાં કુટુંબ તેમજ પોતાની આર્થિક જરૂરિયાતોને સંતોષવા માટે વ્યસ્ત બની જાય છે. પરિણામે, તેઓ પોતાના શાળા-કોલેજનો અભ્યાસ પૂર્ણપણે કરી શકતા નથી. જેથી તેમનો સંપૂર્ણ વિકાસ થઇ શકતો નથી. કવિ-વિચારક અને ચિંતક ઉમાશંકર જોષી લખે છે તેમ, "તમે આગળ ઉપર હાઇકોર્ટ ધ્રુજાઓ અને યુનિવર્સિટીના શિખર પર કળશ થઇ દીપી રહો, ધારાસભા ગજાઓ કે મોટી મોટી મેદની ડોલાઓ, ભારે અફસર થાવ કે મહાપુરૂષ બની જાવો પણ ત્યારે આટલું કદી ભૂલશો નહીં કે - તમે અહીં અત્યારે ભણો છો તે એક અકસ્માત છે. તમે અહીં ભણો છો અને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચડી પંખીડા ઉડાડે છે. શહેરના કારખાનામાં બેવડ વળી જાય છે, વીશીઓની અંગીઠી આગળ શેકાય છે, અથવા તો મુંબઇની ચોપાટી પર પગ ચંપી કરે છે. કોઇ અકસ્માતથી તમે અને ઠેકાણે હો તો...? આગળ જયારે તમે મોટા તીસમારખાં બની જાવ ત્યારે પણ આટલું આ ભૂલી જશો નહીં, અનેક લાલચો અને પ્રલોભનો હોય! પણ પેલા વાંદરાએ મગરને કહેલું તેમ કહેજો મારું કાળજું તો અરે, ત્યાં રહી ગયું - જરા પેલા નાના બાળકો ટોળા બની પંખી ઉડાડે છે - છાપા વેચવા ફુટપાથ પર દોડે છે. કપરી મજુરીમાં ઘસાઇ જાય છે."

વિચારસભા
'દીવો પ્રગટાવનારાઓને પ્રણામ'
- નેહલ જયદીપ ગઢવી

વિશ્વનું અતિપ્રસિદ્ધ પીસ પ્રાઇઝ મેળવનાર કૈલાસ સત્યાર્થી અને મલાલા યુસુફઝાઇએ પોતાના સઘન પ્રયત્નો દ્વારા બાળકોને નર્કમાંથી ઉગરવાનું અને કન્યાઓને શિક્ષણ અપાવવાનું તેમજ સમગ્ર વિશ્વને આ બાબતમાં જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. પાકિસ્તાની સ્વાત વેલીમાં મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલી મલાલા યુસુફઝાઇએ તાલિવાનોની અનેક ધમકીઓ વચ્ચે પણ કન્યાઓની કેળવણી માટે અવિરત ઝુંબેશ ચલાવી. તાલિબાનોનો ભય તેના કાર્યને અવરોધી કે અટકાવી શક્યો નહીં. તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છતાં પણ ઇશ્વરકૃપાથી તેનો ચમત્કારીક બચાવ થયો. સમગ્ર વિશ્વના લોકોની સહાનુભૂતિ મલાલાને મળી. યુનાઇટેડ નેશન્લ જેવી સંસ્થાઓએ પણવિધિવત્ રીતે મલાલાના આ કાર્યને બિરદાવ્યું. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલો મુજબ તેને નોબેલ પ્રાઇઝમાં મળેલા પુરસ્કારમાંથી સારી એવી રકમ કન્યાઓની કેળવણી માટે સ્વેચ્છાએ ફાળવી આપી. આ બાબત દર્શાવે છે કે તેનું કમિટમેન્ટ દૃષ્ટિપૂર્વકનું અને ઊંડુ છે. જે રીતે અચાનક જ સમગ્ર વિશ્વ સામે એક નાજુક લાગતી સ્ત્રી એક ચટ્ટાન જેવી ક્ષમતા સાથે અદ્‌ભુત સાહસના વિશ્વને દર્શન કરાવ્યા. તે જ રીતે, કૈલાસ સત્યાર્થીએ પણ ચાઇલ્ડ લેબરના કલૂષિત કાર્યને નાબૂદ કરી સમાજને જાગૃત કરવાનું અભૂતપૂર્વ સાહસપૂર્ણ કાર્ય કર્યું! આ કારણોસર રાતોરાત બંને વ્યક્તિઓ એક સેલીબ્રીટી બની ગઇ. વિશ્વના લોકોને તેમના વિષે વધુ જાણવાનું કુતૂહલ પણ થયું. દિલ્લીના કાલ્કાજીમાં એક બે માળની ઓફિસમાં બેસીને 'બચપન બચાવો આંદોલન' ચલાવનાર સત્યાર્થી કહે છે તેમ, "લોકો અનાચક જ મને સત્યપતી, અશોકજી અને સિદ્ધર્થજીના નામથી સંબોધવા લાગ્યા!" નોબેલ કમિટી પણ ભારપૂર્વક ઉલ્લેખ કરે છે કે બાળકોના હક અને શિક્ષણ માટે કાર્ય કરનાર તેમ જ કન્યા કેળવણી માટે જાગૃતિ લાવનાર જે બે વ્યક્તિઓને આ નોબેલ પીસ પ્રાઇઝને શેર કર્યું તે એક હિંદુ અને એક મુસ્લિમ છે તેમ જ ભારતીય તેમજ પાકિસ્તાની છે.

કૈલાસ સત્યાર્થી છેલ્લા ૩૩ વર્ષથી બાળકોને શોષણથી બચાવવા તેમજ તેમને યોગ્ય શિક્ષણ આપવાની બાબતમાં કાર્યરત છે. 'બચપણ બચાવો આંદોલન' એ એક પાયાની ચળવળ છે કે જેણે બાળકો માટે ખૂબ ઉલ્લેખનીય કાર્યો કર્યા છે. ૧૯૮૧-૮૩ના સમયગાળા દરમિયાન કેલાસજીએ 'બંધ મુક્તિ મોરચા'માં જોડાઇને બાળમજુરીને રોકવાના મિશનની શરૂઆત કરી. ૧૯૯૪માં કન્યાકુમારીથી દિલ્હી સુધીની રેલી કરી બાળમજૂરોનો વિરોધ કરી તેમણે 'બચપન બચાવો આંદોલન' તેમજ સાઉથ એશિયા કોએલિએશનની સ્થાપના કરી. ૧૯૯૬માં આ ચળવળ દ્વારા ચિલ્ડ્રન્સ પાર્લામેન્ટમાં કેટલાય બાળકો સહભાગી પણ બન્યા.

ત્યારબાદ ૧૯૯૭માં તેમણે બાળકોના શિક્ષણ માટે રિહેબીલીટેશન સેન્ટર્સ તેમજ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી કે જેથી રાજસ્થાનના બંધક બાળમજૂરો તેમજ દિલ્હીની બાળાઓને મોટા-પ્રમાણમાં રાહત મળી. આ પ્રકારે એક પછી એક ચળવળ દ્વારા તેમણે અનેક પ્રયત્નો દ્વારા બાળમજૂરોને મુક્ત કરાવી તેમને સ્વનિર્ભર તેમજ શૈક્ષણિક રીતે કાલેબ બનાવવા માટે કાર્યો કર્યા. કેટલાય વર્ષો સુધી સત્યાર્થી અને તેમના સાથી મિત્રોએ સાથે મળીને 'બચપન બચાવો આંદોલન' દ્વારા ૮૦,૦૦૦ જેટલા બાળકોને મુક્તિ અપાવી છે. મલાલાની જેમ સત્યાર્થીને પણ જીવલેણ હુમલાઓ તેમજ ઘાતકી ધમકીઓનો સામનો કરવો પડ્યો છે. તેમના સહકાર્યકરોમાંના આદર્શ કિશોર, ધૂમદાસ અને કાલુ કુમારની તો હત્યા પણ આ ચળવણ દરમિયાન થઇ છે. સત્યાર્થી કહે છે તેમ 'બાળમજૂરી પર પ્રતિબંધ લાદવા માત્રથી આ પ્રવૃત્તિનો અંત નહિ આવે' તેના માટે સમગ્ર સમાજે જાગૃતતા દાખવવી પડશે. બાળકોને વધુ સારા સમાજની ભેટ આપવા સૌ એડલ્ટ એટલે કે પુખ્ત વયના સમજદાર સમાજે આ વિશ્વને વધુ સુંદર અને સુયોગ્ય બનાવવું જ પડશે.